શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૬ • સળંગ અંક : ૩૬૯ • તા. ૫ જુલાઈથી ૧૧ જુલાઈ ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.

## શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા




## કેડીઓ દિવ્યાંગો, તેમના વાલીઓ, કેરટેકર માટે ફિલ્મના શૉનું કરાયું આયોજન



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member



SHUBH
DIAMONDS

Happy
GURU
PURNIMA


RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.




# વતનની યાદ

માણસનો સ્વભાવ એવો અળવિતરો છે કે જ્યારે વ્યક્તિ આપણાથી દૂર જાય એટલે વહાલી લાગે એનો ઝુરાપો થાય. આપણી પાસે હોય, સમીપ હોય ત્યારે સામાન્ય લાગે. એની આપણને કદર ન થાય. પણ જ્યારે આપણાથી આઘેરી જાય એટલે લાગે કે સાલું આપણા દિલથી નજીક તો એ હતો. આવો સંબંધ, નાતો આપણા વતન સાથેનો હોય છે. મા ભોમ, માતૃભૂમિ, જન્મભૂમિ, વતન જે કોઈપણ નામે ઓળખીએ. એ અન્ય શહેર નગરથી આપણી નજીક હોવાનો.

આ વતન એટલે કયુ ગામ, શહેર? જ્યાંથી આપણા વડીલો આવ્યા, જ્યાં તેઓ જન્મયા, પરવરિશ પામ્યા. તેમના વડીલો પાર્જિત ઘર, ખેતર સ્થિત હોય. આ વતનમાં આપણે પણ જઈ આવ્યા હોઈએ, દાદા-દાદી, મોટા બાપા-મા, કાકા-કાકી અને તેમના સંતાનો સાથ રજાઓ ગાળી હોય. આખો દિવસ નિજાનંદથી મસ્તી, મજા કરી હોય. એ આપણું વતન કહેવાય? કે આપણો જન્મ, ઉછેર, શિક્ષણ જે ગામ શહેરમાં થયું હોય એ આપણું વતન કહેવાય? માણસની જન્મ ભોમકા, અલગ હોય, કર્મ ભોમ અલગ હોય. સરકારી બાબુઓના સંતાનો પંદર, અઢાર વર્ષના થાય ત્યાં સુધી દસબાર શહેરમાં રહી ચૂક્યા હોય, અલગ અલગ શાળા, કોલેજમાં શિક્ષણ જ્ઞાન લેવું પડ્યું હોય.

આપણું વતન છોડીને જ્યાં આપણે વસયા હોઈએ ત્યાં જો કોઈ વિપદા, આફત આવે. ધર્મ, કોમને નામે દંગલ થાય. ભાષા કે અન્ય પ્રાંતવાસીઓને ટાર્ગેટ કરીને તોફાન થાય. ત્યારે આપણા વડીલોનું ગામ, તે ગામમાં રહેલું વારસાઈ મકાન આપણો આશ્રય સ્થાન બનવાનું. દેશના અન્ય પ્રદેશ કે રાજ્યમાં ધંધા, રોજગાર માટે વસવું પડે. પણ આખરે આપણું વતન એ આપણું વતન, પરદેશમાં પણ આપતિ કાળ આવે ત્યારે માણસ શરણું શોધે પોતાના દેશમાં. સુખ, સગવડ સંપતિ ભલે ત્યાં મળી હોય પણ આખરે શાંતિ મળે આપણા મુલકમાં.

વતન એટલે ગામડું હોય એ જરૂરી નથી. એ શહેર કે મહાનગર પણ હોઈ શકે. જ્યાં આપણે પહેલીવાર આંખ ખૂલીને બધુ જોયું હોય, જ્યાં સવાર, સાંજ, બપોર, રાત આપણે માણી હોય. જ્યાંની ગલી સડક, દુકાનો, મકાનો, બાગ-બગીચા, શાળા આપણી આંખોમાં વસી ગઈ હોય જ્યાં જિંદગીના અમૂલ્ય વર્ષો પસાર કર્યા હોય. જે આપણું પોતીકું થઈ દિલમાં ઉતરી ગયું હોય. એ આપણું વતન વર્ષો પછી જ્યાં જઈએ અને ઓળખતા ઉમળકાથી બોલાવે, દુકાનદારો અહોભાગથી વાતચીત કરે. રસ્તા, ચોક બદલાયેલ છતાં અપરિચીત લાગે બન્ને બાજુ ખુલ્લી કરતાં આપણને વહાલપૂર્વક ભેટતાં લાગે. મિત્રો હસી ખુશીથી ગળે વળગે, વડીલો આદરપૂર્વક ખબર અંતર પૂછે જૂના સંસ્મરણો વાગોળે એ વતન નાનું ગામ હોય, શહેર હોય કે મહાનગર હોય, સૌની તાસીર વર્તન અલગ હોવાનો પણ વ્હાલ, લાગણીને કાળજી અઢળક હોવાની.

વર્ષો બાદ વતન ગયા પછી જ્યારે વતન છોડવાની ક્ષણો આવે ત્યારે શાયર આદિલ મન્સૂરીની આ એવરગીન કાવ્યની પંક્તિઓ જરૂર યાદ આવી જવાની

નદીની રેતમાં રમતું નગર મળે ન મળે, ફરી આદ્રષ્ય સ્મૃતિપટ પર મળે ન મળે,
વતનની ધૂળથી માથું ભરી લઉં ‘આદિલ’. અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે.

– જય જ્ઞાતિમૈયા

# તકને તત્કાલ ઝડપી લેવી જરૂરી

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

આજના આધુનિક યુગમાં આપણે એટલા વ્યસ્ત રહીએ છીએ કે જેમણે આપણને અમૂલ્ય મનુષ્ય અવતાર આપ્યો તેને પણ ભૂલી જઈએ છીએ. સમયની માયાજાળમાં સખત રીતે બંધાઈ ગયા છીએ ત્યારે પળવાર તો એમ લાગે કે આપણે કોઈના ગુલામ છીએ. દિવસભરની કમાવવાની જંજાળ-દોડધામ પછી રાત્રે થાક્યા પાક્યા પાછા ફરીએ એટલે આપણને જેણે અમૂલ્ય મનુષ્ય અવતાર આપ્યો છે. તેને યાદ કરવાનું તેનું ગુણગાન કરવાનું ભૂલી જઈએ છીએ. આજની યુવા પેઢી તો એવું માને છે કે પ્રાર્થના, ભક્તિ આ બધું વયસ્કો કરે, આપણાં આ કામ નથી. પણ ખરેખર તો ભક્તિનો રંગ યુવાનીમાં ચઢવો જોઈએ. ભગવાને આપણને આજે સુખ સગવડો આપી તેમજ અમૂલ્ય શરીર આપ્યું તો પણ એનું સ્મરણ કરવા, ગુણગાન ગાવા માટે અને પૂજન અર્ચન કરવા માટે અમુક સમય કાઢવો જોઈએ.

સાચો, સારો અને સંસ્કારી યુવાએ છે જેને કુદરતની કદર છે. કિરતારના ગુણગાન ગાવામાં કસર રાખવી ન જોઈએ. ભગવાનનો સાચા દિલથી આભાર માનીએ કે તેણે આપણને ઘણું બધું આપ્યું છે. એક નજર પાછળ કરીએ કે આપણે પહેલાં ક્યાં હતા. અત્યારે ક્યાં છીએ અને હવે ક્યાં જઈ રહ્યાં છીએ. પ્રબળ ઈચ્છા શક્તિવાળો માણસ ધારે તે કરી શકે છે. આપણે આપણાં હાથની રેખાઓ આપણે જ બદલી શકીએ છીએ. સફળતાનો મૂળ મંત્ર છે. પ્રબળ ઈચ્છાશક્તિ ઘણા માણસો સંઘર્ષ સામે શરણાગતિ સ્વીકારી લે છે પણ ઘણાં માણસો સંઘર્ષ સામે જિંદાદિલીથી એનો સામનો કરે છે. તનમાં ઉત્સાહ અને મનમાં હિંમત આ સફળતા મેળવવાની ચાવી છે. આપણે જેને સંઘર્ષ કે પરેશાની કહીએ છીએ. ખરેખર તે જ આપણા અસ્તિત્વને નવી ઊંચાઈઓ આપે છે.

માનસિકને શારીરિક સંઘર્ષ અને કઠિનાઈઓથી ભરેલું જીવન જ માણસનું ઘડતર કરે છે જેનાથી તેનું જીવન ખડતલ બને છે. આપણે જેવું ઈચ્છીએ એવું ભવિષ્ય લખવા માટે સમર્થ છીએ. જે આપણે સંકલ્પ કરીએ તેને સાકાર કરવાની ગજબની તાકાત આપણી પાસે છે. જો મનોબળ મજબૂત હોય અને ધ્યેય પ્રાપ્તિ માટે સમર્પણ ભાવથી પુરુષાર્થ કરવાની તૈયારી હોય તો દુનિયાની કોઈ તાકાત સફળ બનતાં ન રોકી શકે આપણે જ આપણા ભાગ્ય વિધાતા છીએ.

આવતી કાલ ક્યારે આવે છે તે જ્યારે આપણી સમક્ષ આવે છે એ આજ બનીને આવે છે. માટે આવતી કાલ માટે જે પણ કંઈક સારું કરવાની ઈચ્છા હોય એની શરૂઆત આજથી જ કરો. આવતી કાલે આપણી પાસે વધુ સમય હશે એ આપણા જીવનનો સૌથી મોટો ભ્રમ છે. તક ઊગતા સૂર્ય જેવી છે. તમે લાંબો સમય રાહ જોયા કરશો તો તમારા હાથમાંથી જતી રહેશે. આપણી આસપાસ એવા ઘણા લોકો હશે જેને જીવનમાં તક તો મળી જ હશે. પણ એનો યોગ્ય ઉપયોગ કરી શક્યા નહીં હોય. જીવન અનેક તકોથી ભરપૂર છે પણ જેનામાં અતૂટ આત્મવિશ્વાસ હોય તેના માટે જે લોકો અનુકૂળ સંજોગોની રાહ જોઈને બેસી રહે છે તેઓ કદી કાંઈ કરી શકતા નથી. પરંતુ મહેનતુ લોકો માટે અનેક સોનેરી તકો પડેલી છે. એટલું યાદ રાખવું જરૂરી છે. સમય, તક, શબ્દો અને વિશ્વાસ એકવાર ચાલ્યા જાય પછી ક્યારેય પણ પાછા આવતા નથી.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા કેડીઓ દિવ્યાંગો, તેમના વાલીઓ, કેરટેકર માટે ફિલ્મના શોનું આયોજન કરાયું




તા.૧ જુલાઈ મંગળવારના રોજે પી.વી.આર.સિનેમા ઓડિયન મૉલ ઘાટકોપર ઈસ્ટ ખાતે કેડીઓ દિવ્યાંગો, તેમના વાલીઓ, કેરટેકર માટે એક ખાસ અને યાદગાર ફિલ્મના શોનું આયોજન કરવામાં આવ્યું હતું. બોલીવુડના મશહુર એક્ટર આમિર ખાનની નવી ફિલ્મ સિતારે જમીન પર જેમાં અનેક દિવ્યાંગ સિતારાઓ અભિનય કરી ઝળક્યાં છે. આ ખાસ શૉનું સ્ક્રીનીંગ તથા વિવિધ સ્નેક્સ એક ઉદાર દિલ દાતા દ્વારા સંપૂર્ણપણે પ્રાયોજિત કરવામાં આવ્યો હતો.

બપોરે ૧૨.૧૫ વાગ્યે, સહુ ત્રીજે માળે એકત્રિત થયા અને કાર્યક્રમની શરૂઆત થઈ એક ઉત્સાહભર્યા ગ્રૂપ ફોટાથી. ત્યારબાદ, ૧૨.૪૫ થી, બધાએ પોપકોર્ન, સમોસા, મસાલા પીનટ્સ અને કોલ્ડ ડ્રિંક સાથે ફિલ્મ માણી. મુંબઈના ઉપનગરો તથા ડોમ્બીવલી અને વિઠ્ઠલવાડી થી આવેલા દિવ્યાંગો, તેમના વાલીઓ/ કેરટેકરો તથા સમિતિના સભ્યો- એમ કુલ ૪૦ જણાએ આ શો સાથે મળીને માણ્યો. ફિલ્મના અંતે બધાંને એક-એક carry away સ્નેક બોક્સ આપવામાં આવ્યું.

**પ્રતિભાવ - કવિતા અને અર્ચનાની મમ્મી**

જય જિનેન્દ્ર,

સમસ્ત મહાજન અને દિવ્યાંગ સમિતિ સર્વેના અમે ખૂબ ખૂબ આભારી છીએ. હું કવિતા અને અર્ચનાની મમ્મી છું. બંન્નેને આજે ખૂબ ખૂબ મઝા આવી છે અને ફિલ્મ જોઈને તેમાંથી પોઝીટિવ વિચાર મળ્યા છે અને ભરપૂર હિમ્મત મળી છે. તેઓ કહે છે કે આપણે હારી જઈએ તો રોવા બેસીએ પણ હાર્યા નથી. બીજે નંબર આવ્યા છીએ. સમસ્ત મહાજન અને દિવ્યાંગ સમિતિ દર વખતે વિચારીને નવા અવનવા પ્રોગ્રામ રાખે છે. એક પ્રોગ્રામ માણે એનો હરખ વાગોળે ત્યાં બીજો પ્રોગ્રામ રાખે છે. ત્રીજો પ્રોગ્રામ આમ સતત પ્રોગ્રામ માણી તેમને તો આનંદ થાય છે. સાથો સાથ અમને પેરેન્ટસને પણ થાય છે કે જે આનંદ અમે તેમને નથી આપી શકતા એ તમે સૌ તેમના આત્મીય થઈને આનંદ આપો છે. ખૂબ ખૂબ આભાર.

**પ્રતિભાવ - B. Shah**

SHRI SAMAST KDO JAIN MAHAJAN DIVYANG COMMITTEE

"Thank you to the committee for organizing such a great movie plan!". "Appreciate all the effort the committee put into planning this movie outing!" 'Thank you to each team member for your hard work and dedication." "Enjoy the movie"

# શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા કેડીઓ દિવ્યાંગો, તેમના વાલીઓ, કેરટેકર માટે ફિલ્મના શોનું આયોજન કરાયું



આશરે બપોરે ૩.૪૫ ના મનમાં યાદગાર પળોને ફરી માણવાની આશા રાખતા સહુએ વિદાય લીધી!

સમગ્ર કાર્યક્રમના સફળ આયોજન માટે PVR INOX સિનેમાના આસિસ્ટન્ટ વી.પી. (IT). આપણી જ્ઞાતિના ગિતેન સાયલાનો સારો સહકાર સાંપડ્યો હતો. શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન દિવ્યાંગ સમિતિના કન્વીનર રાજેન્દ્ર મણિલાલ ખોના, ચેરમેન કાશ્મીરાબેન લુઠીયા, વાઈસ ચેરમેન નીનાબહેન સાયલા, સેક્રેટરી શિલ્પા અજાણી સભ્ય પારૂલ મોતા, ભાવના લોડાયા. જ્યારે વીડિયો સંભારણા માટે મીનલ નિતેશ મોમાયાનો સહયોગ મળ્યો હતો.

દિવ્યાંગ સમિતિના આ નવતર આયોજનને સૌએ ભરપૂર માણ્યો હતો અને મોકળા મને વખાણ્યો હતો.

### પ્રતિભાવ - મુકેશ ગોસર

શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજનની દિવ્યાંગ સમિતિ દ્વારા તા.૧ જુલાઈ મંગળવારે સિતારે જમીન પર ફિલ્મના શૉનું આયોજન એક સુંદર પગલું હતું. આ કાર્યક્રમના સંચાલન માટે દરેકે દરેક જણ કન્વીનર રાજેન્દ્ર મણિલાલ ખોના, ચેરમેન કાશ્મીરાબેન લુઠિયા, વાઈસ ચેરમેન નીનાબેન સાયલા, સેક્રેટરી શિલ્પાબેન અજાણી, સભ્ય પારૂલ મોતા, ભાવના લોડાયા દરેકને ખૂબજ અભિનંદન.

કાશ્મીરાબેન લુઠીયા, શિલ્પાબેન અજાણી એ પોતાનો કિંમતી સમય કાઢી આ કાર્યક્રમ માટેનો ખ્યાલ આવ્યો એ મોટો નિર્ણય છે. દરેક દિવ્યાંગને ખૂબ જ મનોરંજન મળેલ અને આવા વિકાસ લક્ષ્મી કાર્યક્રમનું આયોજન થાય તો દિવ્યાંગનો માનસિક વિકાસ થાય. ફરી એકવાર આપ સૌને બે હાથ જોડી વંદન.

### પ્રતિભાવ - રેવંતી દંડ

જય જિનેન્દ્ર

દિવ્યાંગ સમિતિ તથા સમસ્ત મહાજન સર્વનો ખૂબ ખૂબ આભાર.

સરસ મજાનું પ્રોગ્રામ બનાવ્યું. જેનાથી બાળકો, વાલીઓ બધાં આનંદમાં આવી ગયા. સાથે મળીને આનંદ કરીએ એની ઝલક ન્યારી હોય છે.

મેં પ્રભુ ને પુછ્યું આકાશમાં કેટલા તારા છે. તો પ્રભુ એ હસીને જવાબ આપ્યું તું બતાવ સિતારે જમીન પર કેટલા છે.

દિવ્યાંગ પ્રત્યે તમારી લાગણી સહાનુભુતિ દેખાઈ આવે છે.

તમે ફુલ વેરીને સુગંધ હાથમાં રાખો છો.

ધન્યવાદ, આભાર.

# માસિક શ્રદ્ધાંજલિ



# પ્રિયંકા પ્રતિક ગોયલ

**દેહવિલય : ૮/૫/૨૦૨૫**

તારો મિલનસાર સ્વભાવ,
ચંદ્ર જેવો શીતલ ચહેરો
હંમેશાં અમારી આંખો
સમક્ષ ચમકતો રહેશે.
આપણી વિતાવેલી રંગીન
પળોની યાદ અપાવતો રહેશે.

પરમ કૃપાળુ પરમાત્મા તારા
આત્માનેં પોતાનાં સાનિધ્યમાં લઈ
પરમ શાંતિ આપે એજ પ્રાર્થનાં.

**શોકાતુર**

**પતિ :** પ્રતિક રાજકુમાર ગોયલ

**ભાભી અને ભાઈ :** પૂજા કૃણાલ ખુશેન્દ્ર ધરમશી

**માતા અને પિતા :** હીના ખુશેન્દ્ર ધનજી ધરમશી

**દોહિત્રી :** દેવિત **દોહિત્ર :** વિદિત **પૌત્રી :** યશ્વી

**શાહ ધનજી કલ્યાણજી ધરમશી પરિવાર-સુથરી/બેંગ્લોર/અમદાવાદ**

# શ્રી કેડીઓ જૈન વિમલ મહિલા મંડળ વડોદરા દ્વારા કચ્છી નવા વર્ષની ભવ્ય ઉજવણી કરાઈ









તા.૨૭ જૂન શુક્રવાર અષાઢી બીજ દિને સાંજે ૪ કલાકે શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન વિમલ મહિલા મંડળ વડોદરા દ્વારા કચ્છી નવા વર્ષ અષાઢી બીજ ઉત્સવની ઉજવણી કેડીઓ ભવનમાં ભવ્ય રીતે કરવાનો કાર્યક્રમ આયોજિત કરાયો હતો.

ગરબાનું આયોજન હેતલ મૈશેરી, નેહા પાનપરિયા તથા વર્ષા ધુલ્લાએ  તથા પ્રોગ્રામનું સંચાલન હેતલ મૈશેરીએ સરસ રીતે કર્યું હતું. કચ્છી રાસ ગરબામાં હેતલ મૈશેરી, નેહા પાનપરિયા, વર્ષા ધુલ્લા, રશ્મિ મોમાયા, કોમલ લોડાયા, રશ્મિ મૈશેરી, તેજીની મૈશેરી, ઉર્વી નાગડા, ધારા નાગડા તથા મોક્ષા લાલકાએ સહભાગ લીધો હતો. કચ્છી થીમ પર જ્ઞાતિની બહેનોએ સ્ટેજ શો રાખેલ. કુસુમબેન મોમાયા તથા રાજુલબેન મોમાયાએ કચ્છના ગામોના નામ ઉપર ગેમ રમાડી જેમાં 30 જણ ભાગ લીધો હતો. આ ગેમમાં રશ્મિ મોમાયા, કિશોર ધુલ્લા અને ચંદ્રકાંત ખોના વિજેતા થયા હતા. કચ્છી પહેરવેશમાં ભરત લોડાયા, ચેતના લોડાયા અને મમતા છેડા વિજયી થયા હતા.

વડોદરા ભાજપના ઉપાધ્યક્ષા અને કચ્છ નલિયાના નિયાણીબેન મિનાબા જાડેજાએ વિમલ મહિલા મંડળના આમંત્રણને માન આપી ખાસ હાજરી આપી હતી. ૧૫૦ જેટલા જ્ઞાતિજનો હોંશપૂર્વક હાજર રહી પ્રોગ્રામની મઝા માણી હતી.

સાંજે ૬.30 કલાકે શ્રી ઘણી બાવાના ભાવિક પરિવારો તરફથી શ્રી ઘણીબાવાના સમૂહ પાઠ રાખવામાં આવેલ હતા. જે રતિલાલ પાનપરિયાએ માંડેલ. સર્વે જ્ઞાતિજનોએ પાઠના પ્રસાદનો લાભ લઈ ધન્ય ધન્ય થયાં હતા.

# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી દ્વારા હાયર એજ્યુકેશન ડિગ્રી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવાના સમારોહનું આયોજન

શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી દ્વારા તા.૭ સપ્ટેમ્બર રવિવારના રોજે હોરીઝન હૉલ ડોંબિવલી (પૂર્વ) સ્થળે ગત એકેડેમિક વર્ષ ૨૦૨૪-૨૫ દરમ્યાન ઉચ્ચ શૈક્ષણિક ડિગ્રી જેવી કે બી.એ., બી.કોમ., બી.એસ.સી., બી.ઈ., એમ.એ., એમ. બી.એ., સી.એ., સી.એસ., ડૉક્ટર, એન્જિનિયર જેવી કોઈપણ ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ મેળવનાર ડોંબિવલીના જ્ઞાતિ વિદ્યાર્થીઓને ગૌરવભેર સન્માનિત કરવાનો કાર્યક્રમનું આયોજન નિર્ધારીત કરાયો છે. સમારોહનો સમય અને અન્ય વિગતો પછીથી જણાવવામાં આવશે.

Attention All Higher Education Achievers તમારું સ્વપ્ન સાકાર થયું, સંકલ્પ સિધ્ધ થયું અને તમારી મહેનત સફળ રહી તેની ઉજવણી જ્ઞાતિ મંડળ આ સમારોહમાં તમારું સન્માન કરી ગૌરવાન્તિ કરશે.

તમારી પદવીની વિગતો તા.૧૬ ઓગસ્ટ સુધી મોકલવી ફરજિયાત છે. આ સન્માન માત્ર ડિગ્રી આધારિત છે. ટકા કે ગ્રેડની ગણતરીને આધારે નથી. એની ખાસ નોંધ લેશો. સમયસર વિગત મોકલશો શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી તમારું સન્માન કરવા આતુર છે. વધુ વિગત માહિતી માટે સંપર્ક શ્રીમતી અર્ચના ખોના-૯૩૨૧૫૫૬૧૯૪ અથવા મનીષ કાંકણ-૯૩૨૨૧૩૨૯૧૮. શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી તમારી સફળતા ઉજવવા તત્પર છે, તૈયાર છે શું તમે તૈયાર છો?

---

# કચ્છી નવા વર્ષ અષાઢી બીજ કાર્યક્રમમાં નલિન કેશવજી અજાણીને ઘાટકોપર કચ્છ રત્ન એવોર્ડથી સન્માનિત કરાયા



શ્રી ઘાટકોપર કચ્છ વાગડ વિકાસ સમાજ આયોજિત કચ્છી નવા વર્ષ અષાઢી બીજ કાર્યક્રમમાં કોઠારા ચેમ્બુર/ઘાટકોપરના નલિનભાઈ કેશવજી અજાણીને સામાજિક તથા ધાર્મિક ક્ષેત્રમાં વિપુલ યોગદાન પ્રદાન કરવા બદલ મહારાષ્ટ્ર રાજ્યના મંત્રી એડવોકેટ આશિષ શેલારના હસ્તે ઘાટકોપર કચ્છ રત્ન એવોર્ડ એનાયત કરી સન્માનિત કરાયા.

આ સન્માન મેળવવા માટે હાર્દિક અભિનંદન સાથે સેવાકીય ક્ષેત્રે વધુને વધુ યોગદાન આપી ગામ, જ્ઞાતિ અને પરિવારનું નામ રોશન કરો એ શુભેચ્છા.



# સંજીવની કેસ નં.૧૯૫ માટે જરૂરી રકમ રૂા.૧ લાખ જમા થઈ જતા ક્રાઉડ ફંડિગ બંધ કરાયું

Samast Mahajan, Sanjivani Initiative

**CASE No.: 195**

KDO

## DONATION CLOSED

**Mr Pravin Keshavji Lodaya (Peer)**

Age 72 Yrs., Bhandup, Kutch -Bayath.

**Acute Exacerbation of COPD with Respiratory Failure type 2 along with Adenosquamous Carcinoma of Lungs on Chemotherapy!**



KDO SANJIVANI

**DONATION CLOSED**

**Rs 1 Lakh**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda Branch : Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**

**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851**


કચ્છ બાયઠ, હાલે ભાંડુપના ૭૨ વર્ષીય પ્રવીણ કેશવજી લોડાયા એડેનો સ્કવાયસ કાર્સિનોમા ઓફ ફેફસાંથી પીડાઈ રહ્યાં છે. શ્વસન નિષ્ફળતા પ્રકાર ૨ સાથે સીઓપીડીના તીવ્ર વધારાને લીધે ઈમરજન્સીમાં હોસ્પિટલમાં એડમિટ થયેલ છે.

કેટલાક વર્ષોથી કેવીઓ સંઘ ભાંડુપ દેરાસરમાં મહેતાજી તરીકે કામ કરતા પ્રવીણ લોડાયા છેલ્લા ૨ વર્ષથી કામ કરતાં નથી. પત્ની ઘરના ટિફીન અને લગ્નના લાડુનો ઓર્ડર લે છે. દીકરો ઓલા ઉબેર માટે કાર ચલાવે છે. મેડિક્લેમ પોલિસી સમાપ્ત થઈ ગઈ છે. કોઈ બચત નથી. સારવાર માટે જરૂરી રકમ રૂા.૧ લાખ મળે એ માટે મેડિકલ સમિતિ સમક્ષ અરજી મૂકી. જેનો પ્રતિસાદ આપતાં ક્રાઉડ ફંડિગ માટે મૂક્યો.

ક્રાઉડ ફંડિગ શરૂ થતાના થોડા જ સમય દરમ્યાન જરૂરી ભંડોળ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ સ્ટોપ કરી દેવાયું.

આજ સુધીના દરેકે દરેક ૧૯૫ કેસ માટે આકસ્મિક મુશ્કેલીમાં મૂકાયેલા જ્ઞાતિજનોને વહારે આવી તેમના સંકટ હરવા સહયોગી બનનાર દરેકે દરેક વ્યક્તિગત દાતાઓ, મહાજન, એકમ, મંડળ, ટ્રસ્ટ સંસ્થાઓના ભરપૂર સહયોગ માટે ધન્યવાદની લાગણી વ્યક્ત કરીએ છીએ અને સૌનો આત્મીય સહયોગ હરહમેશ મળતો રહેશે એવી ભાવના પણ વ્યક્ત કરીએ છીએ.

# શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ કોઠારા-મુંબઇ



શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ કોઠારા-મુંબઇનાં પ્રમુખપદે દિનેશભાઇ લાલજી અજાણીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. તેઓશ્રી શ્રી કોઠારા જૈન દેરાસર, કોઠારા ક.દ.ઓ. જૈન મહાજનશ્રી, કોઠારા પાંજરાપોળ સંસ્થાઓનાં ટ્રસ્ટીપદે વર્ષોથી સેવાઓ આપી રહ્યા છે.

# કોઠારા તીર્થે શાનદાર રીતે ચાતુર્માસ પ્રવેશ થયો



અબડાસા મોટી પંચતીર્થીનાં કોઠારા ગામે પ.પૂ.સા. શ્રી જગતત્રયાશ્રીજી મ.સા., પ.પૂ.સા. શ્રી દિક્ષીતપૂર્ણાશ્રીજી મ.સા. આદિઠાણા-૨ ચાતુર્માસ પ્રવેશ કરતાં શ્રી કોઠારા જૈન સંઘ દ્વારા સ્વાગત કરવામાં વેલ. ધ્વજા, પતાકા, બેનર, ગહુંલીઓ, શણગારેલા બેડા, સામૈયાનું મુખ્ય આકર્ષણ બન્યા હતા.



કોઠારા જૈન મહાજનશ્રી પ્રમુખ નલીનભાઇ અજાણી, હેમંતભાઇ અજાણી, રાયચંદ લોડાયા, પ્રવીણ લોડાયા, વીરચંદ ધરમશી, મધુકાન્ત શાહ, દિનેશ અજાણી તથા ગોવિંદજી પટેલ, શામજીભાઇ દંડ, શાન્તીલાલ ધરમશી, આણંદજીભાઇ મોતા, હરીશ મુનવર, લહેરચંદ લોડાયા, ધનપતિ લોડાયા, દિનેશ મોતા, રતિલાલ ધ્રોળ, પ્રદીપ મુનવર, પ્રભાતસિંહ જાડેજા, ઝવેરચંદભાઇ ખોના સાથે સાંયરા, સુથરી, સાંધવનાં શ્રાવક-શ્રાવીકાઓ વિશાળ સંખ્યામાં સામૈયામાં જોડાયા હતા. પ્રેમચંદ મોમાયાએ ધાર્મિક નારાઓ બોલાવ્યા હતા.

ઉપાશ્રયે પહોંચી પૂજ્યશ્રીએ ચાતુર્માસનો અનેરો મહિમા સમજાવતાં ચાર મહિનાં ધાર્મિક આરાધનાઓમાં જોડાઇ પોતાના જીવનને ધન્ય બનાવવા સમજ પૂરી પાડી હતી.

પૂજ્યશ્રીને સૂત્ર વહોરાવવાનાં ચડાવાનો લાભ માતુશ્રી પ્રેમાબાઇ લાલજી અજાણી હસ્તે કુમારી પુષ્પાબેન પરિવારે, ચરિત્રનો લાભ માતુશ્રી ખેતબાઇ ચાંપશી ધરમશી પરિવારે લીધેલ. સવારની નવકારશીનો લાભ માતુશ્રી કસ્તુરબાઇ હીરાચંદ મુનવર પરિવારે જ્યારે બપોરનાં સ્વામિવાત્સલ્યનો લાભ માતુશ્રી કાન્તાબેન ગોવિંદજી અજાણી પરિવારે લીધેલ. પ્રભાવના શ્રીમતી જયાબેન આણંદજી મોતા પરિવાર તરફથી કરવામાં આવેલ. દિનેશ અજાણી, તોરલબેન શાહનંદે, પ્રબોધ મુનવરે પ્રાસંગિક ઉદબોધન કરેલ. કાર્યક્રમનું સંચાલન પ્રવીણભાઇ લોડાયાએ કરેલ. વ્યવસ્થા ગુલાબ મોતા, પનુભા ધલ, ગીરીશ મોમાયા, હિરેન નાગડા, સચિન મુનવર, મયૂર લોડાયાએ સંભાળેલ.

# ભલારા પૂનમ પરિવાર દ્વારા ભક્તિ સંગીત અને પાઠનું આયોજન




તા. ૨૯ જૂન રવિવારના સાંજે શ્રી બાવાજીની ઝૂંપડી બીજે માળે મુલુંડ પશ્ચિમ મધે ભલારા પૂનમ પરિવાર દ્વારા ભક્તિ સંગીત અને પાઠનું આયોજન કરવામાં આવેલું. જેમાં સાંજે ૪:૧૫ વાગેથી ૦૭:૦૦ વાગ્યા સુધી ભક્તિ ભાવના કરવામાં આવી હતી. મુખ્યત્વે ગાયક પીયૂષ ડાઘા, સાગર ડાઘા, બિપિન મહારાજ તથા લહેરચંદ પોલડિયા અને ભરત લોડાયા એ રમઝટ જમાવી હતી. પૂનમ પરિવારના સભ્યો તેમજ આમંત્રિત મોંઘેરા મહેમાનો ભલારા ભક્તિમાં તરબોળ થઈ ગયા હતા.

ભક્તિ સંગીત દરમ્યાન બહેનોએ રાસ ગરબા રમી અને ભક્તિ કરી હતી. જેથી હૉલમાં આનંદ ઉલ્લાસથી છવાઈ ગયો હતો. ૧૮૦ ભાવિકોએ સહભાગી થયા હતા. અંતમાં બધા જ ભાવિકોને દીવડા આપવામાં આવ્યા હતા અને દાદાની આરતી ઉતારવામાં આવી હતી.

વિશેષ ઉપસ્થિતિ મણિકાંત ધુલ્લા, મયૂર ધુલ્લા, ચીમનભાઈ મોતા, નિલેશભાઈ મોતા, નેહલબેન ખોના, અમરભાઈ ખોના, મનોજ લોડાયા, ડૉક્ટર જયંતિલાલ ખોના અને ટ્રસ્ટીઓ જયંતભાઈ છેડા અને પંકજ ખોના હાજર રહેલ. રાત્રે ૮.૦૦ વાગે શ્રી ભલારા દાદાનો પાઠ માંડવામાં આવ્યું હતું. જેમાં પાઠની વિગતવાર સમજણ આપવામાં આવી હતી. તેવું અખબારી યાદીમાં વીરચંદભાઈએ જણાવ્યું હતું.



# કે.ડી.ઓ. ભવન વર્ધમાનનગર-કચ્છની ખૂટતી કડીઓ પૂરવા દાતાશ્રીઓને ભાવભરી વિનંતી

દરેક ઉપર દાતાશ્રીનાં નામની તકતી લાગશે

રૂમ નં. ૩ દાતાશ્રીનું નામ આવકાર્ય છે રૂા.૬,૨૫,૦૦૦, રૂમ નં. ૪ દાતાશ્રીનું નામ આવકાર્ય છ રૂા.૬,૨૫,૦૦૦, ઑફિસ દાતાશ્રીનું નામ આવકાર્ય છે રૂા.૫,૦૦,૦૦૦, ઉપર ચાલી દાતાશ્રીનું નામ આવકાર્ય છે રૂા.૫,૫૧,૦૦૦.

હીરકદાતાશ્રી રૂા.૧,૦૮,૦૦૦, ગોલ્ડન દાતાશ્રી રૂા.૫૪,૦૦૦, સિલ્વર દાતાશ્રી રૂા.૨૭,૦૦૦, આધાર સ્થંભ દાતાશ્રી રૂા.૧૧,૦૦૦.

ઉપરોક્ત મુજબ અનુદાન આપનાર દાતાશ્રીઓનાં નામ તકતી ઉપર એક સાથે અંક્તિ કરવામાં આવશે.

સર્વે મહાજનશ્રીઓ, દાતાશ્રીઓનો ખૂબ-ખૂબ આભાર... સૌનાં સાથ-સહકારથી માત્ર ૬ મહિનામાં કે.ડી.ઓ. ભવન નિર્માણ પામ્યુ છે. ફૂલ નહીં તો ફુલની પાંખડીરૂપે સહયોગની અપેક્ષા સાથે આભાર...

ટ્રસ્ટનું નામ તથા બેંકની સંપૂર્ણ વિગત આ સાથે મોકલાવી આપેલ છે.

**A/c Name : Shri Vardhmannagar Kutchchi Dasa Oswal Jain Trust**
**Bank Name : The Cosmos Co-Op Bank Ltd. Bhuj-Kutchh.**
**A/c No. 053100108808**
**IFSC CODE : COSB0000053**

સંપર્ક નંબર - સર્વે ટ્રસ્ટીગણના બહુમાન પૂર્વક વંદન સ્વીકારશોજી.

**પ્રબોધ હીરાચંદ મુનવર-૯૯૨૫૧૬૯૮૭૬**
**મહેન્દ્ર પદમશીં લોડાયા-૯૩૧૫૬૫૦૬૭૯**
**દિલીપ રતનશી મોતા-૯૪૨૭૨૪૯૫૪૯**
**હીરાચંદ લક્ષ્મીચંદ છેડા-૯૮૭૯૩૫૭૨૪૬**
**તુષાર મણીલાલ જૈન-૯૮૭૯૬૦૦૮૬૮**
**હરીશ શીવજી લોડાયા-૯૯૭૯૧૯૮૮૯૯**
**રાહુલ બીપીન દંડ-૯૯૭૮૭૯૦૧૬૯**
**વિનય લધુભાઇ હેફા-૯૯૭૮૩૨૩૬૦૭**
**અમીતા તુષાર જૈન-૯૯૨૫૨૨૬૨૪૮**

# ડૉ. મેઘજી વેલજી ધરમશી 'કે.ડી.ઓ. ભવન' વર્ધમાનનગર-કચ્છ મધ્યે ઉદ્‌ઘાટનના પાવન પ્રસંગે સૌને પધારવા ભાવભર્યું નિમંત્રણ

વંદનીય શ્રી,

શ્રી સર્વે સંઘો, શ્રી સર્વે મહાજનશ્રીઓ, શ્રી એકમો, શ્રી શ્રેષ્ઠીવર્યો, દાનવીર દાતાશ્રીઓ, ગ્રુપો, મંડળો તથા શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સર્વે પરિવારજનો.

જય જિનેન્દ્ર જય મહાવીર

ભુજ નજીક આવેલ વર્ધમાનનગર-કચ્છ મધ્યે ગુરૂભગવંતોની પ્રેરણા અને દાતાશ્રીઓના અનુદાનથી 'કે.ડી.ઓ. ભવન'નું સ્વપ્નું સાકાર થવા જઇ રહ્યું છે.

તા. ૨૭-૭-૨૦૨૫ રવિવારે સવારે ૯-૧૫ કલાકે ડૉ. મેઘજી વેલજી ધરમશી 'કે.ડી.ઓ. ભવન' વર્ધમાનનગર-કચ્છને વાજતે-ગાજતે ખુલ્લું મુકવામાં આવશે. આ શુભ પાવન પ્રસંગે સૌ જ્ઞાતિજનોને પધારવા અત્રેથી ભાવભર્યું નિમંત્રણ પાઠવીએ છીએ. જરૂરથી પધારશોજી.

'કે.ડી.ઓ. ભવન'ના મુખ્યદાતાશ્રી, હોલ તથા બે રૂમોના દાતાશ્રી મળી ચૂકયા છે. હજુ પણ બે રૂમ, ચાલી, ઓફિસ માટે દાતાશ્રીનાં અનુદાનની જરૂરત છે.હજુ પણ જેખુટતી કડીઓ છે તે પરિપૂર્ણ કરવા પ્રાર્થના છે.

આ 'કે.ડી.ઓ. ભવન' માટે પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવનાર આપ સર્વેનો અંતઃકરણપૂર્વક આભાર... આભાર...

**નિમંત્રક**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ વર્ધમાનનગર ક.દ.ઓ. જૈન ટ્રસ્ટનાં બહુમાનપૂર્વક વંદન સ્વીકારશોજી.**

# શ્રી નલિયા તીર્થે પ.પૂ.સાધ્વી ભગવંત મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ ભવ્યતાથી થયો





કચ્છ અબડાસાના નલિયા તીર્થ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ બુધવાર તા.૨ જુલાઈના રોજે ભવ્યતાથી થયો. સંઘના શ્રાવક શ્રાવિકો ઉત્સાહપૂર્વક સાહેબજીનું સામૈયું કરી હર્ષ અનુભવતા ધન્ય ધન્ય થયાં હતાં.

# શ્રી હુબલી સંઘમાં ઉત્સાહભાવથી ચાતુર્માસ પ્રવેશ થયો





શ્રી ક.દ.ઓ.જૈન મહાજન હુબલીને આંગણે પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૪નું ચાતુર્માસ પ્રવેશ તા.30 જૂન સોમવારના સંઘના બહુસંખ્ય શ્રાવક શ્રાવિકાઓની ભવ્ય ઉપસ્થિતમાં હર્ષોલ્લાસથી ભાવ સાથે થયો. આગામી ચાર માસ તપ, ધર્મ, ભક્તિ આરાધના કરવાનો ઉત્સાહ રંગ સૌને હૈયે રહ્યો હતો.



# શ્રી જીયે પઠ્ઠાપીર ભક્ત મંડળ ટ્રસ્ટ (રજી.) દ્વારા શ્રી ગોપીચંદ નાથ (જીયે પઠ્ઠાપીર બાપા )ની ૧૯ મી સમૂહ પંચાઉ દેગ પહેડી સાનંદ સંપન્ન

શ્રી જીયે પઠ્ઠાપીર ભક્ત મંડળ ટ્રસ્ટ (રજી.)દ્વારા સતત ૧૯ મા વર્ષે શ્રી ગોપીચંદ નાથ (જીયે પઠ્ઠાપીર બાપા) ની સમૂહ પંચાઉ દેગ પહેડી અષાઢી બીજ તા.૨૭ જૂન શુક્રવાર બપોરના ૧ વાગ્યે સ્થાપનાની પૂજા વિધિ, બપોરે ૨.૩૦ કલાકે પઠ્ઠાપીર ચાલીસાના પાઠ શ્રી જીયે પઠ્ઠાપીર મહિલા ભક્ત મંડળ દ્વારા થયા. ત્યારબાદ સાંજે ૪.૩૦ વાગ્યે ભજન આરાધક પૂજ્ય ઋષભનાથ બાપુ અને તેમના સાથી કલાકારો અને શાંતિલાલ મોજારના દિવ્ય સ્વરોમાં ભજન સંધ્યાનો આરંભ થયો, વચ્ચે વચ્ચે બાપાને નમતા માનતા દસ પરિવારોના કુટુંબીજનોએ બાપાને વાજતેગાજતે પહેડી ચડાવાનો લ્હાવો લીધો. ભજન સંધ્યા સાથે સાથે બાપાને પહેડીનો થાળ ધરાવ્યા બાદ ૨૧૦૦ થી વધારે લોકોએ પૂજ્ય બાપાની પહેડી દેગનો મહાપ્રસાદનો લાભ લીધો હતો.





























# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જુલાઈથી ઓગસ્ટ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૧૩ જૂલાઈ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.મંડળ ડોમ્બિવલી આયોજિત પર્યુષણ બાદ તા. ૧૯ થી ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ના ઉત્તર ગુજરાત ચૈત્ય પરિપાટી માટે નામ નોંધાવવાની અંતિમ તારીખ. મો. ૯૮૩૩૭૩૨૩૪૫, ૯૮૩૩૧૪૬૦૪૭ |
| તા. ૩૧ જૂલાઈ ૨૦૨૫ | ફોર્મ ભરવાની છેલ્લી તારીખ શ્રી ક.દ.ઓ.જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ નર્સરીથી ધો. ૧૦ ના વિદ્યાર્થીઓ માટે શાળા ફી તથા પુસ્તક સહાય. મો. ૮૬૫૭૬૩૭૩૨૦ |
| તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ.મંડળ, ડોમ્બિવલીના સ્થાપના દિવસ નિમિત્તે શ્રી મહાકાળી માતાજીની ભકિત અને AGM મંડળના કાર્યાલયમાં. |


# સુથરી તીર્થે મહારાજ સાહેબોનો ભવ્ય રીતે ચાતુર્માસ પ્રવેશ થયો





મૂળ સોનથરીની ઓળખ ધરાવતા કચ્છ અબડાસા પંથકના સુથરી નગર મહાતીર્થે પ્રવર્તક પ.પૂ. મુનિરાજ શ્રી પુણ્યોદયસાગરજી મ.સા. (તકડા મારાજ) પ.પૂ.મુનિરાજ શ્રી અનંતરત્નસાગરજી મ.સા. અને પ.પૂ. સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા.નો વાજતે ગાજતે તા.૫ જુલાઈ શનિવારના રોજે ચતુર્વિધ સંઘની હાજરીમાં ભવ્યતાથી ચાતુર્માસ પ્રવેશ થયો. મહાજનશ્રીના ૧૬૦ સભ્યો એ હર્ષોલ્લાસથી હાજરી આપેલ હતી. સુથરી સંઘના ટ્રસ્ટી ચેતનભાઈ મોમાયા, ગુલાલભાઈ છેડા, લહેરચંદ છેડા, પ્રિયેશભાઈ પીર, જીગ્નેશ છેડા વિગેરે સહિત અબડાસાના વિવિધ ગામના મહાજનશ્રીઓ હાજરી આપી હતી. સંઘના શ્રાવક શ્રાવિકોની ઉત્સાહભરી ઉપસ્થિત રહી હતી.


# ભાવભીની શ્રદ્ધાંજલિ




**પદમશીભાઈ સોની**
તા.૨૯ જૂન (ઉ.૬૨)
વાંકુ-ચાલીસગામ



**દમયંતીબેન મોતા**
તા.૭ જુલાઈ
ભાંડુપ



**તારાચંદ દંડ**
તા.૧ જુલાઈ (ઉ.૭૭)
વરાડીયા-અમદાવાદ



**પ્રવીણભાઈ નાગડા**
તા. ૩ જુલાઈ (ઉ.૭૮)
લાલા-વજેશ્વરી



**વિજયભાઈ મોમાયા**
તા. ૩ જુલાઈ (ઉ.૭૨)
સાંયરા-માટુંગા

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**


## શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન, મેડિકલ સમિતિ



KDO SANJIVANI

## કેડીઓ સંજીવની

માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

સંપર્ક:

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |




● ભૂકંપ પહેલા માંડ ૫૦ હેક્ટરમાં ૪૦૦ ટન દાડમનો ફાલ મળતો જ્યારે આજે ૨૦ હજાર હેક્ટર જેટલા વિશાળ ભૂ-ભાગમાં કચ્છના કિસાના ત્રણ લાખ ટનથી વધુ લાલ દાણેદાર ફળ દાડમનો ફાલ મેળવી રહ્યાં છે. તેની ગુણવતા ઊંચી છે અને એનું ટર્ન ઓવર ૨૧૦૦ કરોડને પાર થઈ ગયું છે. રાજ્યભરમાં દાડમની ખેતીમાં કચ્છના કિસાનોને પરિશ્રમથી દેશ દુનિયાની બજારોમાં સ્થાન મળ્યું તેના પગલે કચ્છના કિસાનોના જીવન ધોરણ સુધર્યા છે. રૂપ, રંગ, કદ અને સ્વાદમાં અન્ય રાજ્યની તુલનાએ કચ્છી દાડમ શ્રેષ્ઠ હોવાથી દેશ દુનિયાની બજારોમાં કચ્છી દાડમની બોલબાલા છે. દેશના ખૂણેખાચરેથી વેપારીઓ દાડમની ખરીદી માટે કચ્છમાં ધામા નાખે છે.

● સરહદ ડેરી સંયોજિત ગઢશીશાની માકપટ વિસ્તાર ઊંટ ઉછેરક માલધારી સહકારી મંડળીની બ્રાઝિલ દેશના પ્રતિનિધિ મંડળે મુલાકાત લઈને વિવિધ કામગીરી નિહાળી હતી. કેન્દ્રના સહકાર મંત્રી અમિત શાહ દ્વારા બ્રાઝિલના પ્રતિનિધિઓને ઊંટડી બાબતે ગહન માહિતી આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન તળે શરૂ થયેલી સરહદ ડેરીની પસંદગી કરવામાં આવી હતી. અતિથિઓના સ્વાગત બાદ પ્રતિનિધિ મંડળે ઊંટ પાલકો દ્વારા કરવામાં આવતી કામગીરી, દૂધ દોહનની પ્રક્રિયા તથા મંડળી પર અમૂલ પેર્ટન આધારિત સહકારી ધોરણે કામગીરી, ઊંટડીના દૂધના આરોગ્યમય ફાયદા, ઊંટ પાલકોની પ્રગતિ સહિતની કામગીરી નિહાળી હતી. સરહદ ડેરી દ્વારા દૈનિક પાંચ હજાર લિટર જેટલું ઊંટડીના દૂધનું સંપાદન થાય છે. ઊંટ પાલકોને નવ કરોડ ચૂકવાય છે. જે ઐતિહાસિક પગલું છે. વિદેશ પ્રતિનિધિઓએ મમાયમોરા દૂધ મંડળીની પણ મુલાકાત લીધી હતી.

● મુલુંડ વેસ્ટમાં કાલિદાસ ઓડિટોરિયમની પાસે આવેલા તારાબાઈ મોડક ઉદ્યાનમાં છેલ્લાં પચીસ વર્ષથી દર માસે કચ્છી મહિલા આર્ટિસ્ટ ભાવના રાજાવાઢા દ્વારા ડ્રોઈંગ કોમ્પિટીશન યોજાય છે. જેમાં ૫૦ થી ૬૦ જેટલા નાના મોટા સ્પર્ધકો ભાગ લે છે. ભાગ લેનાર તમામને ઈનામ અને વિજેતા થનારને ડબલ પ્રાઈઝ મળે છે. ભાવનાબેન પોતે પેઈન્ટર છે અને પોટ્રેટ બનાવે છે. પોતે ડ્રોઈંગ ક્લાસ ચલાવે છે. તેઓ પેન્સિલ આર્ટ, ઓઈલ પેઈન્ટિંગ, નાઈફ પેઈન્ટિંગ, કેન્વાસ પેન્ટિંગ વગેરેમાં માહિર છે. મૂળ કચ્છ માંડવીના અને કચ્છી બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિના ભાવનાબેનના આ ઓપન ગ્રાઉન્ડમાં યોજાતી નિઃશુલ્ક ચિત્ર સ્પર્ધામાં ઝૂંપડીપટ્ટીના બાળકો ઉપરાંત સારા પરિવારોના બાળકો પણ હોંશભેર ભાગ લે છે. તેમને રબર, પેન્સિલ, ઓઈલ પેસ્ટર, ડ્રોઈંગ પેપર પોતાની તરફથી આપે છે. તેઓ મેઘધનુષ્ય આર્ટ ગ્રુપ ચલાવે છે. જેના બેનર હેઠળ આ આયોજન કરે છે.

● પૂર્વ કચ્છના ગાંધીધામ આદિપુર જોડિયા શહેરમાં રખડતાં ઢોરનાં કારણે લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. અત્યાર સુધીમાં નંદીઓની જાહેર રસ્તાઓમાં લડાઈમાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે તો અસંખ્ય લોકોને ઈજાઓ પહોંચી છે. વ્યાપક ફરિયાદો પછી ગાંધીધામ મહાનગરપાલિકાના અધિકારીઓએ ગૌશાળાના સંચાલકો સાથે બેઠક કરી હતી અને ત્યાં નંદીઓ રાખવાની ચર્ચા થઈ હતી. નંદીઓને પકડીને રાખવા માટે રૂા.૨ કરોડના ખર્ચે પાંજરાપોળની વ્યવસ્થા ઊભી કરવાનો નિર્ણય લેવાયો હતો.

● કચ્છ કાંડાગરા હાલે જુહુમાં રહેતા ૨૭ વર્ષીય ઘોડેસવારીમાં નિપુણ હૃદય વિપુલ છેડાની પસંદગી મહારાષ્ટ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ માટેના શિવછત્રપતિ રાજ્ય ક્રીડા પુરસ્કાર માટે પસંદગી કરાઈ છે. પુણે સ્થિત શિવછત્રપતિ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે રાજ્યપાલ સી.પી.રાધાકૃષ્ણનના હસ્તે આ સન્માન એનાયત કરાયો. લંડનમાંથી મેનેજમેન્ટના વિષય સાથે બી.એસ.સી.ની ડિગ્રી હાંસલ કરી છે. ગત બાર વર્ષથી બ્રિટન, જર્મની અને ફ્રાન્સમાં ઘોડેસવારીનું પ્રશિક્ષણ મેળવવું છે. ૨૦૨૩ એશિયન ગેમ્સમાં ભારતીય ટીમને ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. દેશ વિદેશની અનેક સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી ઘણા પારિતોષિક હાંસલ કર્યા છે.

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.

Watch your savings grow, effortlessly.

FIXED DEPOSIT
720 Days
RATE OF INTEREST

*7.85% per annum
For General Public

*8.35% per annum
For Senior Citizens

STAMP FRANKING
Now Available

*Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Branch | Phone |
|---|---|
| Bhandup (West) | 86526 30381 |
| Borivali (West) | 86526 30390 |
| Dombivli (East) | 86526 30386 |
| Ghatkopar (East) | 86526 30383 |
| Ghatkopar (West) | 86526 30385 |
| Masjid Bunder | 86526 30384 |
| Matunga | 86526 30389 |
| Mulund (West) | 86526 30382 |
| Thane (West) | 86526 30388 |
| Vashi | 86526 30387 |
| Kamothe | 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT
For More Details, Call Nearest Branch or
Toll Free : 1800 221 984
Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com
@ Arihant Bank